# વાપી મહાનગરપાલિકા- વાપી

## ૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

## (સેનીટેશન વિભાગ)

## ( જાહેર નોટિસ )

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૧૮/૨૦૨૬ તા. ૨૧/૦૮/૨૦૨૬ ને ધ્યાને લઈ પવિત્ર શ્રાવણ માસના સોમવાર, રક્ષાબંધન, જન્માષ્ટમી, શ્વેતામ્બર જૈન પર્યુષણ પર્વ તા.૦૮/૦૯/૨૦૨૬ થી ૧૬/૦૯/૨૦૨૬, ગણેશ ચતુર્થી શ્વેતામ્બર જૈન સંવત્સરી અને અનંત ચૌદશ (દિગંબર જૈન સંવત્સરી) તા.૧૭/૦૯/૨૦૨૬ થી ૨૫/૦૯/૨૦૨૬ નિમિતે વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા કતલખાનાઓ તથા વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માંસ-મચ્છી-મટનની દુકાનો બંધ રાખવાનું તેમજ જીવતા પશુ-પક્ષીની કતલ અને વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ કરવા બાબતે રજુ કરવામાં આવેલ છે જે બાબતે તા.૨૧/૦૮/૨૦૨૬ની સભામાં ચર્ચા વિચારણા કરતા ચાલુ વર્ષ-૨૦૨૬ માટે જૈન પર્યુષણ પર્વ નિમિત્તે પર્યુષણ પર્વના દિવસો તા.૦૮/૦૯/૨૦૨૬ થી ૧૬/૦૯/૨૦૨૬ તથા તા.૧૭/૦૯/૨૦૨૬ થી ૨૫/૦૯/૨૦૨૬ દરમ્યાન વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા તમામ કતલખાનાઓ સદંતર બંધ રાખવાનું તથા વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માંસ-મચ્છી-મટનની દુકાનો સદંતર બંધ રાખવાનું તેમજ જીવતા પશુ-પક્ષીઓની કતલ અને વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે. જેની નોંધ આ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ ઇસમો/ સંસ્થાઓએ લેવી.

આ જાહેરાતમાં આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો/ સંસ્થાઓએ સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સહી/-

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર

વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૩૭૬/૨૦૨૬